# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"આચાર્ય અભિરૂચિ કસોટી (HMAT)-૨૦૨૧જાહેરનામું"**
**"Head Masters Aptitude Test (HMAT)-2021 Notification"**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/HMAT/૨૦૨૧/૪૧૭૮-૪૨૨૧** **તા:૧૫/૦૬/૨૦૨૧**

શિક્ષણ વિભાગના તા:૨૫/૦૭/૨૦૧૭ ના જાહેરનામાં ક્રમાંક:GH/SH/77/BMS/1115/1295/G થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય પસંદગી માટેના "Principal in the Registered Private Secondary and higher Secondary Schools (Procedure For Selection) Rules-2017" બનાવવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા:૦૯/૦૮/૨૦૧૭ થી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂંક મેળવવા માટેની જરૂરી લાયકાત મેળવવા આવશ્યક આચાર્ય અભિરૂચિ કસોટી યોજવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે આચાર્ય અભિરૂચિ કસોટી-૨૦૨૧ (Head Masters Aptitude Test- (HMAT)-2021 રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા યોજવા આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષાનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડના સંચાલન હેઠળ નક્કી કરેલ કેન્દ્રો ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે કરવામાં આવશે.

❖ **આચાર્ય અભિરૂચિ કસોટી-૨૦૨૧ (Head Masters Aptitude Test- HMAT)-2021 નો કાર્યક્રમ:**

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૧૫/૦૬/૨૦૨૧ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિદ્ધ થવાની તારીખ | ૧૬/૦૬/૨૦૨૧ |
| ૩ | ઉમેદવારો માટે રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૨૩/૦૬/૨૦૨૧ થી ૦૩/૦૭/૨૦૨૧ |
| ૪ | નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૨૩/૦૬/૨૦૨૧ થી ૦૪/૦૭/૨૦૨૧ |
| ૫ | ઉમેદવારોના ભરાયેલ આવેદનપત્રોમાં રજૂ થયેલ લાયકાત/અનુભવની વિગતોનું જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા વેરિફિકેશન કરી આવેદનપત્ર એપ્રુવ કરવાનો સમયગાળો | ૦૭/૦૭/૨૦૨૧ થી ૧૫/૦૭/૨૦૨૧ |
| ૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ એપ્રુવ કરેલ આવેદનપત્રો બોર્ડ ખાતે જમા કરાવવાનો સમયગાળો | ૧૬/૦૭/૨૦૨૧ થી ૧૭/૦૭/૨૦૨૧ |

**ખાસ નોંધ: આ પરીક્ષાની તારીખ અંગેની જાહેરાત હવે પછીથી કરવામાં આવશે. જેની તમામ સબંધિતોએ નોંધ લેવી. આ અંગે તમામ સુચનાઓ માટે SEB ની વેબસાઇટ સતત જોતા રહેવા જણાવવામાં આવે છે.**

❖ **શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો:**

રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો જ આ કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે.

- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ અથવા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને નોંધાયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

  (અથવા)

- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૧૦ (દસ) વર્ષનો અનુભવ ધરાવતી હોય.

જ્યારે ભરતી કરવાની થશે ત્યારે **શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.**

❖ **કસોટીનું માળખુ:**

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) OMR આધારીત રહેશે.
- આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.
- આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.
- આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- આ કસોટીના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ, તા:૦૯/૦૮/૨૦૧૭ માં જણાવ્યા અનુસાર રહેશે. (ઠરાવની નકલ આ સાથે સામેલ છે.)

❖ **પરીક્ષા ફી :**

- SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/- (બસો પચાસ પુરા) જયારે સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/- (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

❖ <u>ફી ભરવાની પધ્ધતિ-</u>

- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Pay Fees" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee" અથવા Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઇન ફી ભરનાર ઉમેદવારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તેવા ઉમેદવારોએ તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલ (gseb21@gmail.com )થી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>લેટ ફી:-</u>

- જે ઉમેદવારોને નિયત સમયગાળામાં ફી ભરવાની રહી ગઇ હોય તેવા ઉમેદવારો તા:૦૫/૦૭/૨૦૨૧ થી તા:૦૬/૦૭/૨૦૨૧ દરમ્યાન રૂ! ૨૦૦/- લેટ ફી સહિત નિયત ફી રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે રૂબરૂ ભરી શકશે.

❖ <u>કસોટી/પરીક્ષા કેન્દ્ર:</u>

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર સ્વખર્ચે પરીક્ષા આપવાની રહેશે.

❖ <u>પ્રશ્નપત્રનું માધ્યમ:</u>

- આ કસોટી ગુજરાતી માધ્યમમાં યોજવામાં આવશે.

❖ <u>અગત્યની સુચનાઓ:</u>

1. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
2. ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ અનુભવ/લાયકાત ની વિગતોનું ડોક્યુમેન્ટ વેરિફિકેશન સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા તા:૦૭/૦૭/૨૦૨૧ થી તા:૧૫/૦૭/૨૦૨૧ દરમ્યાન થનાર હોય ઉમેદવારોએ ઓનલાઇન દર્શાવેલ અનુભવ/લાયકાત અંગેના અસલ દસ્તાવેજો સાથે તેઓ જે જિલ્લામાં શિક્ષક હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે.
3. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા ડોક્યુમેન્ટ વેરિફિકેશન ના અંતે ઓનલાઇન એપ્રુવ થયેલ ઉમેદવારો જ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનાર આ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.
4. ઉમેદવારે પોતાની વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત કાળજી પૂર્વક ભરવી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવામાં આવતા ડોક્યુમેન્ટ વેરિફિકેશન દરમ્યાન ખોટી/અપૂરતી વિગતોને કારણે ઉમેદવાર એપ્રુવ ન થાય અથવા નિયત સમયમાં વેરિફિકેશન માટે ઉપસ્થિત ન રહે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે તથા ઉમેદવારે ભરેલ ફી પરત મળવાપાત્ર રહેશે નહીં જેની ખાસ નોંધ લેવી.
5. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરાવવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપાવવામાં આવી હોય

અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને કોઇ પણ તબક્કે માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.

6. ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.
7. ભરતી પ્રક્રિયા વખતે સફળ ઉમેદવારોની વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.
8. અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
9. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
10. શારિરીક અપંગતા( Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
11. ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, જાતિ પ્રમાણપત્ર , ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર અને શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ઉમેદવારે તે રજુ કરવાના રહેશે.
12. જે ઉમેદવારે નિયત પરીક્ષા ફી ભરેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી જાહેરનામામાં દર્શાવેલ સમયગાળા દરમિયાન પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
13. આ કસોટીમાં પાસ થવા માટે તમામ કેટેગરીના ઉમેદવારોએ કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કુલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ મેળવવાના રહેશે.
14. આ કસોટીમાં માત્ર ઉત્તીર્ણ ઉમેદવારોને જ ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર બોર્ડ દ્વારા આપવામાં આવશે.
15. આ કસોટીના પ્રમાણપત્રની અવધિ પરીણામની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે.
16. પરંતુ એક વાર આ કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર ભરતી વખતે જે કસોટીનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.
17. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
18. ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો કચેરીના ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 ઉપર સંપર્ક કરી શકાશે.

19. આ કસોટી રજિસ્ટર થયેલી ખાનગી(ગ્રાન્ટ-ઇન-એડ) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી આચાર્યતરીકેની પસંદગીનો હક પ્રસ્થાપિત થતો નથી.

## ❖ <u>ઓનલાઈન અરજી કરવાની રીત :</u>

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તા:૨૩/૦૬/૨૦૨૧ (બપોર ૧૪.૦૦ કલાક) થી તા:03/૦૭/૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક)–દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, જાતિ (કેટેગરી) કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://ojas.gujarat.gov.in** પર જવું.
- “Apply Online” પર Click કરવું.
- Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. (અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details અને Experience Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી <u>Confirm</u> કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ <u>**અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી**</u>. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવુ. **વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો પોતાના નામ, અટક, જન્મ તારીખ કે કેટેગરી જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવું.**

- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. ઉમેદવારે બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહાર કે રજૂઆત કરતી વખતે પોતાનો આ Confirmation Number દર્શાવવાનો રહેશે.
- આ પરીક્ષાની ફી માત્ર ઓનલાઇન પેમેન્ટ મોડ થી ભરવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.
- ઓનલાઇન ભરાયેલ આવેદનપત્રમાં રજૂ થયેલ લાયકાત/અનુભવ સહિતની વિગતોના વેરિફિકેશન માટે ઉમેદવારે ઉપરોક્ત વિગતે સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

સ્થળ:ગાંધીનગર
તારીખ:૧૫/૦૬/૨૦૨૧

(પી એ. જલુ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- મેનેજરશ્રી,બીલડેસ્ક,અમદાવાદ

➢ **નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, માધ્યમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં:૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

-----------------

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક
અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં
આચાર્યની ભરતી માટેની આચાર્ય
અભિરૂચિ કસોટી(HMAT) બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૭/૨૪૨૫/ગ
સચિવાલય ગાંધીનગર
તારીખ: ૯.૮.૨૦૧૭

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તા:૧૧/૦૨/૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૨/બીએમએસ-૧૧૦૯-૧૯૦૬-જી.

(૨) શિક્ષણ વિભાગના તા:૨૩/૦૨/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૭/બીએમએસ/૧૧૦૯/૧૯૦૬/જી.

(૩) શિક્ષણ વિભાગના તા:03/૦૨/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/3/બીએમએસ/૧૧૦૯/જી.

(૪) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરનો તારીખ ૧૨.૬.૨૦૧૭નો પત્ર ક્રમાંક : રાપબો/સંકલન/૨૦૧૭/૨૮૩૭.

**પ્રસ્તાવના:**

આમુખ-(૧) થી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની પાત્રતા નક્કી કરવા માટે આચાર્ય અભિરૂચિ કસોટી(Head Masters Aptitude Test) ઉત્તીર્ણ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

આચાર્યની પાત્રતા નક્કી કરતી પ્રક્રિયામાં એકરૂપતા જળવાય અને ઉમેદવારો આયોજન પૂર્વક પરીક્ષાની તૈયારી કરી શકે તે માટે આચાર્ય માટેની આચાર્ય અભિરૂચિ કસોટી માટે અભ્યાસક્રમ તૈયાર કરવાની તેમજ આચાર્ય અભિરૂચિ કસોટીઓના આયોજન, સુચારૂ સંચાલન અને અમલીકરણ સંબંધી નિયમો બનાવવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે રજિસ્ટર થયેલી બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી માંટેની પાત્રતા નક્કી કરવા માટે આવશ્યક આચાર્ય અભિરૂચિ કસોટી (Head Masters Aptitude Test) માટે નીચે મુજબના નિયમો ઠરાવવામાં આવે છે. આચાર્ય અભિરૂચિ કસોટીઓનું આયોજન રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

1. આચાર્ય અભિરૂચિ કસોટી(**Head Masters Aptitude Test**):

રજિસ્ટર થયેલી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે આચાર્ય અભિરૂચિ કસોટી ઉત્તીર્ણ કરવાની રહેશે.

**1.1.** ઉમેદવારની લાયકાત:

રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ અને તેમાં વખતોવખત થતા સુધારા વધારા સાથેની શૈક્ષણિક અને તાલીમી લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવાર જ આ આચાર્ય અભિરૂચિ કસોટી માટે ઉપસ્થિત થઇ શકશે.

**1.2. અભ્યાસક્રમ:**

**વિભાગ-૧: સામાન્ય અભ્યાસ (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

**(ક) સામાન્ય જ્ઞાન (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- બંધારણની મૂળભૂત ફરજો (Fundamental Duties-Article-51(A))
- ગુજરાતી સાહિત્ય
- રાજનીતિ અને શાસનતંત્ર (રાજ્ય અને દેશ)પ્રવાહો અને માળખુ
- વિજ્ઞાન અને ટેકનોલોજી
- ખેલકૂદ અને રમતો
- મહાન વિભૂતિઓ(દેશ)
- સંગીત અને કલા,
- ભારતનો ઇતિહાસ
- ભારતની ભૂગોળ
- વર્તમાન પ્રવાહો

**(ખ) શિક્ષણનાં વર્તમાન પ્રવાહો અને શૈક્ષણિક અભિયોગ્યતા (૨૫ પ્રશ્નો) (૨૫ ગુણ)**

- શિક્ષણપંચો અને શિક્ષણ નીતિ, શિક્ષણમાં નૂતન પ્રવાહો, શિક્ષણ સુધારણા અને પહેલ (રાજ્ય અને દેશ કક્ષાએ), રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિચર્યા-૨૦૦૫, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રાજ્ય અને રાષ્ટ્રીય સંસ્થાઓનું માળખું અને કાર્યો (એન.સી.ઇ.આર.ટી., નુપા, એન.સી.ટી.ઇ.,સી.બી.એસ.ઇ., .મા.અને ઉ.મા.શિ.બોર્ડ, જી.સી.ઇ.આર.ટી., પાઠ્યપુસ્તક મંડળ)
- શીખવવાના કૌશલ્યો
- શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ
- શિક્ષણમાં નવીનીકરણ લાવવાની આવડત
- આચાર્યનું માનસિક સ્વાસ્થ્ય.
- શિક્ષણમાં નવીન પ્રવિધિઓનું જ્ઞાન અને અમલીકરણ
- ક્રિયાત્મક સંશોધન
- SCE (શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકન)

**(ગ) તાર્કીક અભિયોગ્યતા (૧૦ પ્રશ્નો) (૧૦ ગુણ)**

**(ઘ) શાળાકીય નેતૃત્વ(૨૦ પ્રશ્નો) (૨૦ ગુણ)**

- મેનેજમેન્ટના મૂળ સિદ્ધાંતો
- શાળાના સંદર્ભમાં મેનેજમેન્ટના સિદ્ધાંતો
- વ્યવસ્થાપનના કાર્યો અને ફરજો
- માનવ સંશાધનના સિદ્ધાંતો
- પ્રેરણા (મોટીવેશન)

- નિર્ણય હેતૂથી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન
- નેતૃત્વના ગુણો

**(ચ) ગુજરાતી ભાષાકીય પ્રાવીણ્ય (લેખન, વાચન, કથન, શ્રવણકૌશલ્ય) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- વ્યાકરણ (જોડણી, વિરોધી, સમાનાર્થી, શબ્દસમૂહ માટે એક શબ્દ, વિરામ ચિન્હ, અનેકાર્થી, પર્યાયીશબ્દો વિગેરે)
- સંક્ષેપલેખન
- સારગ્રહણ
- ભૂલશોધ અને સુધારણા
- શીર્ષક
- સારાંશ.

**(છ) અંગ્રેજી ભાષાની જાણકારી (ધોરણ-૧૨ સુધી) (૧૫ પ્રશ્નો) (૧૫ ગુણ)**

- સામાન્ય વ્યાકરણ
- ભાષાંતર, સ્પેલીંગ
- સુધારણા કરવી
- શબ્દ રચના
- ચિત્ર આધારીત પ્રશ્નો.

**વિભાગ-૨ વહીવટી સંચાલન (૧૦૦ પ્રશ્નો) (૧૦૦ ગુણ)**

- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું માળખું, તેની કચેરીઓનું કાર્ય અને પરસ્પર વ્યવહારતેમજ આંતર સંબંધો (શિક્ષણ વિભાગ , કમિશ્નર કચેરી, ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, જી.સી.ઇ.આર.ટી., પાઠ્યપુસ્તક મંડળ,જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીવિગેરે)
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪.
- ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૬૪.

**1.3. પરીક્ષાનું માધ્યમ:**

- આ કસોટી ગુજરાતી માધ્યમમાં યોજવામાં આવશે.

**2. આચાર્ય અભિરૂચિ કસોટીનું માળખુ:**

**2.1.** આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી પ્રશ્નો સ્વરૂપની (Multiple Choice Question Based-MCQs) OMR આધારીત રહેશે.

**2.2.** આ કસોટી બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૧૦૦ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૧૦૦ પ્રશ્નો રહેશે.

**2.3.** આ કસોટીમાં વિવિધ હેતુલક્ષી ૨૦૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૮૦ મિનીટનો રહેશે.

**2.4.** આ કસોટીના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.

**2.5.** દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે. દરેક પ્રશ્નના ઉત્તરમાં ચાર વિકલ્પ આપેલા હશે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરવાનો રહેશે.

**2.6.** આ કસોટીના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.

2.7. પ્રશ્નપત્રોની રચના સંપૂર્ણ ગોપનીયતા સાથે જે તે વિષયની લાયકાત અને અનુભવ ધરાવતા તજજ્ઞો દ્વારા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાની રહેશે.

2.8. કસોટી આયોજન, સંચાલન અને અમલીકરણ માટે અલાયદા નિતી-નિયમો અને જાહેરનામુ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે.

3. **પરીક્ષા ફી:**

3.1. આચાર્ય અભિરૂચિ કસોટી માટેની ફી રાજ્ય પરીક્ષા બોર્ડ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.

4. **આચાર્ય અભિરૂચિ કસોટીમાં પસંદગી પામવાનાં ધોરણો:**

4.1. આચાર્ય અભિરૂચિ કસોટીમાં પાસ થવા માટે ઉમેદવારે કુલ ગુણના ૫૦% ગુણ એટલે કે કૂલ ગુણ ૨૦૦ માંથી બંન્ને વિભાગના મળીને ૧૦૦ ગુણ કે તેથી વધારે ગુણ મેળવવાના રહેશે.

4.2. આ કસોટી રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્ય તરીકેની ઉમેદવારી કરવા માટે જરૂરી લાયકાત મેળવવા માટેની છે, આ કસોટી પાસ કરવાથી આચાર્ય તરીકેની પસંદગીનો હક પ્રસ્થાપિત થતો નથી.

5. **આચાર્ય અભિરૂચિ કસોટીના પ્રમાણપત્રની અવધિ:**

5.1. આચાર્ય અભિરૂચિ કસોટીના પ્રમાણપત્રની અવધિ પરીણામની તારીખથી પાંચ વર્ષ સુધીની રહેશે.

5.2. એક વાર આચાર્ય અભિરૂચિ કસોટી આપી દીધા પછી કોઇપણ ઉમેદવાર પોતાના ગુણાત્મક સુધારા અને સારા મેરીટ માટે એક કરતા વધુ વખત પરીક્ષા આપી શકશે અને તેવી સ્થિતિમાં ઉમેદવાર ભરતી વખતે જે કસોટીનું જે પ્રમાણપત્ર રજૂ કરશે તે ધ્યાને લેવામાં આવશે.

5.3. માત્ર સફળ ઉમેદવારોને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગુણાંકન સાથેનું પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમાં ઉમેદવારનું નામ, સરનામું, પરીક્ષા કેન્દ્રનું નામ અને કોડનંબર, જન્મ તારીખ, ઉમેદવારનો બેઠક નંબર, કસોટી આપ્યાનો માસ અને વર્ષ તથા દરેક વિભાગમાં મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રા. અને મા.), સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત્ત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા., સરકારી પુસ્તકાલય સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારીશ્રી સિલેક્ટ ફાઇલ
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.